# કચ્છ જીલ્લા ની છ નગરપાલિકાઓ નું કચરા વ્યવસ્થાપન પરિસ્થિતિ અંગે નું અવલોકન




## એક અભ્યાસ અહેવાલ


અહેવાલ તૈયાર કરનાર

SWAMAN
ENVIRO SERVICES PVT. LTD.

સહયોગ

Homes In The City

# પ્રસ્તાવના :

વિશ્વ બેંક ના સર્વે ના આધારે ભારત માં વર્ષે ૬૨ મિલીયન ટન કચરો પેદા થાય છે,જેમાં થી ૮૦ ટકા કચરો એકત્ર કરાય છે અને માત્ર ૨૫ ટકા કચરા નું જ પ્રોસેસીગ કરવામાં આવે છે.ગુજરાત માં દૈનિક ૧૦,૨૦૦ મેટ્રીક ટન કચરો પેદા થાય છે.જેમાં ૨૫% કચરા ને ટ્રીટ કરવામાં આવે છે ,૧૬% કચરા ને લેન્ડફીલ પર મોકલાય છે અને બાકી નો ૫૭% કચરો અવૈજ્ઞાનિક ઢબે નાંખવામાં આવે છે.

આપણે ભુજ શહેર ની વાત કરીએ તો નગરપાલિકા ના આંકડા મુજબ ભુજ માં દૈનિક ૭૦ટન કચરો પેદા થાય છે.જેમાં થી ૭૫% કચરો વાહન દ્વારા લેન્ડફીલ પર લઇ જવાય છે,બાકી નો કચરો માર્ગો પર કે પોઇન્ટ માં થી લેવાતો નથી .અને તમામ કચરા નું કોઇ વિભાજીકરણ કે વર્ગીકરણ નથી થતું,અને કોઇ ટ્રીટમેન્ટ કરવામાં આવી નથી રહયું.કચ્છ જીલ્લો આમ પણ વિસ્તાર ની રીતે મોટો છે,અને માત્ર ભુજ માં કચરા ની આ સ્થિતિ હોય તો હાલે વધતાં જતાં શહેરીકરણ ના લીધે શહેરી અને નાના ટાઉન નો વિસ્તાર પણ વધતો રહયો છે.અને તો હવે દરેક શહેર અને ટાઉન નો કચરા ઉત્પાદન ,નિકાલ,વહન અને ટ્રીટમેન્ટ અંગે અભ્યાસ કરવો જરૂરી બની ગયો છે.જેથી શહેરો માં થતાં કચરા ના વિભાગીકરણ અને પ્રોસેસીગ દ્વારા નગરપાલિકાઓ કઇ રીતે પગભર બની તેમાં શહેરી કચરા વિણનારા સમુદાય ને સાંકળી તેમને આજીવિકા આપી કચરા નું વિભાગીકરણ કરાવી તેને સારી રીતે પ્રોસેસ કરી તેમાં થી આવક મેળવતી થાય વળી,ભીના કચરા માં થી ખાતર તૈયાર કરી ખેડૂતો કે ફર્ટીલાઇઝર કંપની ને વેચી આવક મેળવી શકે તે હેતુ થી આ પ્રકાર નો અભ્યાસ અને તેમાં શુ સુધારો કરી શકાય તેવા સૂચનો દ્વારા નગરપાલિકા ઓ કઇ રીતે શહેરી ઘન કચરા વ્યવસ્થાપન ને સુચારૂ રૂપે સાર્થક કરે તે દિશા માં આગળ વધાવા ની શરૂઆત છે.

કચ્છ માં છ નગરપાલિકાઓ છે,અને તેમાં તેને સંલગ્ન નાના શહેર જેવા ગામો પણ આવેલાં છે જેનો કચરો પણ નગરપાલિકા વહન કરે છે અથવા તેનો કચરો લેન્ડફીલ માં આવે છે તો આ દરેક પાસાં નો અભ્યાસ કરી તેનાં એટલે કે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ ૨૦૧૬,માં સૂચવેલ માપદંડો ને ધ્યાને રાખી સમગ્ર અભ્યાસ હાથ ધરી તેમાં સાથે આવશ્યક સુધારા સૂચનો સાથે એક અહેવાલ પ્રસિધ્ધ કરવા માંઆવે છે.

અહી કચ્છ ની ૬ નગરપાલિકાઓ અંગે તેના કચરા વ્યવસ્થાપન અંગે પરિસ્થિતિ ના અવલોકન અંગે એક અભ્યાસ કરવામાં આવેલ તેના તારણો અને સૂચનો મૂકવામાં આવે છે.

## હેતૂ :

નગરપાલિકાઓ ના કચરા વ્યવસ્થાપન અંગે ની પરિસ્થિતિ નો ખ્યાલ મેળવવા તેમજ સારી રીતે નગરપાલિકાઓ કચરા નુ વ્યવસ્થાપન કરી શકે તે માટે તેમને માહિતગાર કરી શહેરો ને સ્વચ્છ બનાવવા ની દિશા માં પ્રથમ પહેલ છે.

## કચરા વ્યવસ્થાપન અંગે શા માટે પરિસ્થિતિ નો અભ્યાસ કરવાની જરૂર પડી :

- દરેક શહેરો માં હંમેશા સ્વચ્છતા બાબત અસંતોષ દરેક સ્તરે રહયો છે.
- શહેર ના નાગરિકો ને પણ આ બાબત સદાય ફરિયાદ રહે છે.
- પાલિકાઓ ખરેખર બજેટ મુજબ જે ખર્ચ કરે છે તે પુરતું છે?
- પાલિકાઓ ને કયાં પૂર્તતા કરવાની જરૂર છે,જેથી તેઓ સારી રીતે કચરા નું એટલે કે સફાઇ અને કચરા વ્યવસ્થાપન કરી શકે.
- શહેરો ના વોર્ડ મુજબ વાહનો,કામદારો,વગેરે પુરતાં છે કે કેમ તે સમજ મેળવી શકાય.
- અને શહેરો ના નાગરિકો સાથે પણ આ બાબત ચર્ચા દ્વારા પરિસ્થિતિ ની સમજ મેળવી કઇ રીતે આગળ વધી શકાય તે સંદર્ભ માહિતિ મેળવવા આ અભ્યાસ ની જરૂર પડી.

## રણનિતિ :

- નગરપાલિકાઓ માં કોને મળવું તે બાબત નિયત કરવામાં આવી.
- દરેક નગરપાલિકા  ઓફીસો તેમજ શહેર ના વોર્ડ માં વિસ્તારો માં નાગરિકો સાથે પણ ચર્ચા કરશું.
- વિસ્તાર માં નાગરિકો સાથે જૂથ ચર્ચા દ્વારા માહિતિ મેળવશું.
- શાળા,હોટેલ,સમાજવાડી,દુકાનો માં થી પણ માહિતિ મેળવશું.
- નગરપાલિકા ના વોર્ડ મુજબ નાગરિકો સાથે મુલાકાત કરવી એટલે કે કેટલા લોકો સાથે ચર્ચા કરશુ તે નિયત કરવામાં આવેલ.
- ડ્રાફટ રીપોર્ટ તૈયાર કરાશે.જે સ્ટીયરીંગ કમિટિ સામે મુકાશે ત્યાર બાદ ફાઇનલ રિપોર્ટ અપાશે.

## નગરપાલિકાઓ ની મુલાકાત અને તે શહેર ના નાગરિકો સાથે પણ ચર્ચા કરી તેમાં કેટલા લોકો સુધી પરિસ્થિતિ સમજવા પહુંચી શકયા તે વિષે સમજીએ.

| ક્રમ | નગરપાલિકા | કોને મળી શકયા | કેટલા નાગરિક ને મળી શકયા | કોર્મશીઅલ માં કોને મળી શકયા. |
|---|---|---|---|---|
| ૧ | ભુજ | ચીફ ઓફીસર,સેનિટેશન ઓફીસર,વોર્ડર,સેનિટેશન ચેરમેન.,એન.યુ.એલ.એમ.,એસ.બી.એમ. | ૨૫૦-૩૦૦ | શાળા,હોસ્પિટલ,હોટલ,દુકાન, |
| ૨ | માંડવી | ચીફ ઓફીસર,સેનિટેશન ઓફીસર,વોર્ડર,એન.યુ.એલ.એમ મેનેજર.એસ.બી.એમ. | ૧૫૦-૨૦૦ | દુકાન,ઓફીસો. |
| ૩ | અંજાર | ચીફ ઓફીસર,સેનિટેશન ઓફીસર,વોર્ડર,એન.યુ.એલ.એમ મેનેજર.એસ.બી.એમ. | ૧૦૦-૧૨૦ | કોમ્પલેક્ષ નીદુકાનો. |
| ૪ | રાપર | ચીફ ઓફીસર,સેનિટેશન ઓફીસર,વોર્ડર,એન.યુ.એલ.એમ મેનેજર.એસ.બી.એમ. | ૭૦-૮૦ | ભોજનાલય,કોમ્પલેક્ષ માં દુકાન. |
| ૫ | ભચાઉ | ચીફ ઓફીસર,સેનિટેશન ઓફીસર,એસ.બી.એમ. | ૧૫-૨૦ | એસ.ટી પાસે ની દુકાનો. |
| ૬ | ગાંધીધામ | ચીફ ઓફીસર,સેનિટેશન ઓફીસર,એસ.બી.એમ. | ૬૫-૭૦ | બેંક સર્કલ ની ઓફીસો અને ૧૦ દુકાનો. |

આપણે અહી કચ્છ ની છ નગરપાલિકાઓ ની વોર્ડ અને વસતિ ની માહિતિ સમજીએ.:

| ક્રમ | નગરપાલિકા નું નામ | શહેર ના કુલ વોર્ડ | કુલ વસતિ | કુલ દૈનિક કચરો ઉત્પન. |
|---|---|---|---|---|
| ૧ | ભુજ | ૧૧ | ૧,૮૧,૦૦૦ | ૪૫ ટન |
| ૨ | માંડવી | ૦૯ | ૧,૫૬,૦૦૦ | ૧૯ ટન |
| ૩ | અંજાર | ૧૨ | ૮૭,૧૮૩ | ૨૮ ટન |
| ૪ | રાપર | ૦૭ | ૨૮,૪૦૭ | ૮.૫૦ ટન |
| ૫ | ભચાઉ | ૦૭ | ૩૯,૫૩૨ | ૧૮ ટન |
| ૬ | ગાંધીધામ | ૧૩ | ૨,૪૭,૯૯૨ | ૧૨૫ ટન |

આ ઉપરાંત દરેક નગરપીલકાઓ જેટલો કચરો ઉત્પન કરે છે અને તે માટે તેના નિકાલ અંગે અને તે માટે સફાઇ તેમજ ઘરે ઘર કચરો લેવા જવા અંગે ની માહિતિ પણ સમજીએ:

| ક્રમ | નગરપાલિકા નુ નામ | કુલ ડોર ટુ ડોર વાહન | કુલ ટ્રકટર | કુલ સફાઇ કામદારો |
|---|---|---|---|---|
| ૧ | ભુજ | ૩૦ | ૩૦ | ૬૩૦ |
| ૨ | અંજાર | ૧૨ | ૧૦ | ૧૩૭ |
| ૩ | માંડવી | ૧૧ | ૦૮ | ૪૧૧ |
| ૪ | રાપર | ૨૪ | ૧૦ | ૦૭૨ |
| ૫ | ભચાઉ | ૦૯ | ૦૬ | ૦૪૧ |
| ૬ | ગાંધીધામ | ૨૭ | ૧૪ | ૩૬૨ |
| | | | | |

વાહનો અને સફાઇ કામદારો ની માહિતિ ની સાથે આપણે દરેક નગરપાલિકાઓ વાર્ષિક સેનિટેશન ટેક્ષ કેટલો વસૂલે છે તે પણ સમજીએ:

| | નગરપાલિકા નું નામ | વાર્ષિક વેરો | વેરા વસૂલાત |
|---|---|---|---|
| ૧ | ભુજ | ૬૦ | ૭૦% |
| ૨ | અંજાર | ૨૪૦ | ૫૧% |
| ૩ | માંડવી | ૧૦૦ | ૭૫% |
| ૪ | રાપર | ૫૦ | ૪૦% |
| ૫ | ભચાઉ | ૭૫ | ૪૦% |
| ૬ | ગાંધીધામ | ૩૦૦ | ૩૦% |

વેરા ની રકમ સામે વેરા વસૂલાત ને સરખામણી માં શહેરો માં સેવાઓ કેવી રીતે આપવામાં આવે છે તે પણ સમજીએ:

| ક્રમ | નગરપાલિકા નું નામ | વાહન દૈનિક કેટલા ઘર માં થી કચરો લઇ શકે. | કેટલા ફેરા થાય દૈનિક. |
|---|---|---|---|
| ૧ | ભુજ | ૧૮૦૦ | ૨ |
| ૨ | માંડવી | ૧૬૦૦ | ૨ |
| ૩ | અંજાર | ૧૭૦૦ | ૩ |
| ૪ | રાપર | ૧૨૦૦ | ૩ |
| ૫ | ભચાઉ | ૧૬૦૦ | ૩ |
| ૬ | ગાંધીધામ | ૧૭૦૦/૨૫૦૦(છોટા હાથી/ડમ્પર) | ૨/૧ |

## દરેક નગરપાલિકાઓ માં ડમ્પ સાઇટ ની પરિસ્થિતિ

| ક્રમ | નગરપાલિકા | જી.યુ,ડી.સી.દ્વારા | નવી સાઇટ બાબત ચર્ચા ચાલુ છે. |
|---|---|---|---|
| ૧ | ભુજ | - | હાલ નાગોર છે,નવી શેડાતા પાસે થશે. |
| ૨ | માંડવી | શેડ ખાતર માટે અને પ્લેટફોર્મ બનાવી આપેલ છે.એક સ્ટોર રૂમ છે. | - |
| ૩ | અંજાર | શેડ ખાતર માટે અને પ્લેટફોર્મ બનાવી આપેલ છે.એક સ્ટોર રૂમ છે. | - |
| ૪ | રાપર | નંદાસર પાસે તૈયાર કરેલ છે. | હાલ નગાસર તળાવ પાછળ કચરો ઠાલવે છે, |
| ૫ | ભચાઉ | મોરીવાળા હનુમાન પાસે શેડ તૈયાર કરેલ છે. | |
| ૬ | ગાંધીધામ | - | શિણાય સાઇટ બનાવી પણ હાલ તે પણ વિવાદ માં છે. |

## દરેક નગરપાલિકાઓ ના કચરા ઠાલવવાના સ્થાન પર વેસ્ટ પિકર્સ એટલે કે કચરો વિણનારા સમુદાય સાથે નગરપાલિકા એ કામ આપલ છે કે કેમ તે વિષે સમજીએ.

| ક્રમ | નગરપાલિકા | કેટલા વેસ્ટ પિકર્સ રોકયા છે. |
|---|---|---|
| ૧ | ભુજ | ૨૦ |
| ૨ | માંડવી | ૧૧ |
| ૩ | અંજાર | હવે જોડશે. |
| ૪ | રાપર | ૨૫ |
| ૫ | ભચાઉ | ૧૧ |
| ૬ | ગાંધીધામ | ૭૧ |

## નગરપાલિકા ઓ માં કેવા પ્રયાસો કરવામાં આવે તો કચરા કલેકશન અને નિકાલ ની સુવિધા સારી રીતે થઇ શકે:

| ક્રમ | નગરપાલિકા | પ્રયાસ કરવાથી પરિસ્થિતિ માં સુધાર આવે. |
|---|---|---|
| ૧ | ભુજ | ડોર ટુ ડોર રૂટ વોર્ડ ના વિસ્તાર મુજબ ગોઠવાય,કડક મોનીટરીંગ રૂટ પર,દરેક કલેકશન વાહન માં હેલ્પર રાખે,નિયમિત ડોર ટુ ડોર,સફાઇ પણ રૂટ મુજબ ,મજબૂત મોનીટરીંગ.કોર્મશીયલ માં સફાઇ નિયમિત કરાવવી. |
| ૨ | માંડવી | ડોર ટુ ડોર રૂટ વોર્ડ ના વિસ્તાર મુજબ ગોઠવાય,કડક મોનીટરીંગ રૂટ પર,દરેક કલેકશન વાહન માં હેલ્પર રાખે.સફાઇ બરાબર છે. |
| ૩ | અંજાર | ડોર ટુ ડોર રૂટ વોર્ડ ના વિસ્તાર મુજબ ગોઠવાય,કડક મોનીટરીંગ રૂટ પર,દરેક કલેકશન વાહન માં હેલ્પર રાખે,નિયમિત ડોર ટુ ડોર,સફાઇ પણ રૂટ મુજબ ,મજબૂત મોનીટરીંગ. |
| ૪ | રાપર | શફાઇ રૂટ મુજબ નિયમિત કરાવવી,મોનટરીંગ મજબૂત,ડોર ટુ ડોર પર પણ દેખરેખ. |
| ૫ | ભચાઉ | ડોર ટુ ડોર અને સફાઇ થી સંતોષ છે.છતાં રૂટ ગોઠવી સારી કામગીરી કરવી અને મોનીટરીંગ કડક બનાવવું. |
| ૬ | ગાંધીધામ | રૂટ ગાઠવી અને કડક દેખરેખ થી કામગીરી અસરકારક બનશે.દરેક વોર્ડ ને સંતોષ મળે તે રીતે કામગીરી કરવી. |

# ભુજ :

ભુજ શહેર ની કુલ વસતિ ૧,૮૧,૦૦૦(૨૦૧૧ મુજબ),તેમજ કુલ વોર્ડ ૧૧ છે.શહેર દૈનિક ૪૫ ટન કચરો ઉત્પન કરે છે,શહેર માં ૨૦૧૭ પહેલાં ૧૪ વોર્ડ હતા ,નવા સીમાંકન મુજબ હાલ ૧૧ વોર્ડ માં વહેંચવામાં આવેલ છે.શહેર ના બે વોર્ડ વિસ્તાર ની રીતે મોટા છે.જે વોર્ડ ૧૦ અને ૧૧.શહેર માં નાગરિકો તેમજ શાળા,હોટલ અને હોસ્પિટલ ની મુલાકાત શહેર ના કચરા નિકાલ અને સ્વચ્છા અંગે વાતચીત કરતાં નીચે મુજબ બાબત સમજવા મળી.:
ભુજ માં વિસ્તાર મુજબ નાગરિકો સાથે વાતચીત કરી
ઘરો માં ભંગાર પણ થાય તો તે ભંગાર વાળા ને આપીએ છાપા,લોખંડ,ફર્નીચર,તેલ ના ડબા વગેરે.







આ પહેલા અમે ડ્રમ મૂકેલ જે ગોવાળ લઇ જતા હવે આ બંધ છે,કારણ નીચે ભંગારવાળા કે બીજા ડ્રમ ને લઇ ગયા ,વળી બીજું ડ્રમ મૂક્યુ તો ગાય તેને પછાડી ઢોળતી એટલે અમે ડ્રમ કાઢી નાખેલ છે.સારા કચરા વ્ય.માટે નગરપાલિકા દ્વારા મોનીટરીંગ કડક રખાય તો સારી કામગીરી થાય.વળી નગરસેવકો પણ દેખરેખ રાખે તો અસર પડે.
શફાઇ વેરા માં ખાસ વેરો લે તો સેવા પણ ખાસ આપવી પડે.જે માટે તૈયાર છીએ.

નગરસેવકો નો સહયોગ ઓછો છે,તેઓ દેખરેખ રાખે અને નાગરિકો સાથે સંકલન માં રહે તો ફરક પડે.ભંગાર માં ડબા,બોટલ,રમકડા,લોખંડ જે અમે ભંગારવાળા ને આપીએ.પસતી છાપા પણ આપીએ.






નગરસેવકો સહયોગ આપે તો કામ પર અસર પડે.નાગરિકો એ પણ સમજદારી થી વર્તન કરવાની જરૂર છે.

શહેર ની શાળા માતૃછાયા,ભુજ ઇંગ્લીશ,સેંટ ઝેવીઅર,સરકારી શાળા નં૧૩,પોલીસ કવાતર શાળા,માં પણ ચર્ચા કરી,ડોર ટુ ડોર નથી આવતા પણ સફાઇ માટે અમે બોલાવીએ તો આવે,વળી કોઇ કાર્યક્રમ માં પણ કચરો વધારે હોય તો આવે.શાળા ની પેટી ભરાઇ ગઇ હોય તો તે ટ્રેકટર માં લઇ જાય.

શહેરની હોસ્પીટલ આચાર્ય,સચીન ઠકકર,અર્બન પી.એચ.સી,માં વાત કરી તેઓ એ જણાવેલ કે મેડીકલ વેસ્ટ માટે ડીસ્ટ્રોમેડ ગાડી આવે છે તે લઇ જાય છે.સુકો કચરો નગરપાલિકા ટ્રેકટર થી લઇ જાય છે.

શહેર માં હોટલ પ્રિંસ રેસી,મંગલમ,પાર્કવ્યૂ,ગ્રીન રોક,માં પણ ભીનો કચરો લેવા ગોવાળ આવે છે.જે નિયમિત લઇ લે છે.સૂકો કચરો માં પૂંઠા,બોકસ વગેરે ભંગારવાળા ને આપીએ છીએ.વધુ કચરો થાય પાર્ટી કે પ્રસંગે હોટલ માં તો ટ્રેકટર માં આપીએ .

| ક્રમ | વિસ્તાર | નાગરિકો સાથે થયેલ ચર્ચા |
|---|---|---|
| ૧ | સહયોગ નગર | વિસ્તાર માં ડોર ટુ ડોર કચરો લેવા ૩ થી ૪ દિવસે આવે છે,નગરપાલિકા દ્વારા આવે છે,સૂકો ભનો કચરો અલગ રાખે,ગાય ને ભીનો કચરો આપે છે,વિસ્તાર માં મૂકેલી કૂંડી માં નાખે છે.સૂકો કચરો ડોર ટુ ડોર માં આપ છે.ડોર ટુ ડોર માં કયારેક ટ્રેકટર આવે તો તેમાં ભાગ નથી હોતા તો મિક્ષ કચરો લેવામાં આવે છે.ઘર માં ભીનો કચરો વધારે થાય છે.ડોર ટુ ડોર નિયમિત ન આવે તો અમે વિસ્તાર માં કચરાપેટી છે તેમાં નાંખીએ,ડોર ટુ ડોર સવારે ૮.૩૦ કે ૯ વાગે આવે,કયારેક બપોરે ૪ વાગે પણ આવે છે.સફાઇ નિયમિત નથી,૧૦ દિવસે આવે છે એ પણ સારી રીતે સફાઇ નથી કરતાં.આમ સફાઇ અને ડોર ટુ ડારે કામ થી સંતોષ છે,પણ કામગીરી નિયીમત કરે તો સારુ,.અને કામ પર દેખરેખ કડક રાખવામાં આવે તો કામ પર અસર પડે. |
| ૨ | વાણિયાવાડ | અમારે ઘરે ઘર કચરો લેવા સખી આવે છે જે નિયમિત આવે છે.દરેક ઘર માં કચરાપેટી ખાલી કરે છે.ભીનો કચરો અમે કૂંડી માં નાંખીએ છીએ.નગરપાલિકા દ્વારા બહેન ને મૂકાયેલા છે જે બરાબર છે.સફાઇ પણ સવારે ૮ સૂધી માં અમારા એરીયા માં થઇ જાય છે.કારણ અહી રહેણાંક અને વેપારી વર્ગ અને દુકાનો હોવાથી સફાઇ દરરોજ થાય છે.સફાઇ અને ઘરે ઘર કચરો લેવા ના કામ થી સંતોષ છે.વેરાપ ણ નિયમિત ભરે છે.આ વિસ્તાર માં મોટી કચરાપેટી નથી. એઠ કૂંડી માં નાંખે,ઘર માં ભીનો કચરો વધારે થાય.જે ગાય ને આપીએ. |
| ૩ | પ્રમુખસ્વામીનગર | નગરપાલિકા દ્વારા સફાઇ કામગીરી નિયમિત નથી ૧૦-૧૫ દિવસે સફાઇ થાય છે,ડોર ટુ ડોર એકાંતરે આવે છે.સૂકો કચરો જ આપીએ ,ભીનો કચરો કૂંડી માં નાંખીએ છીએ.વેરા નિમિત ભરીએ છીએ,વિસ્તાર માં મોટી કચરાપેટી હતી જે લઇ ગયા પછી મૂકવા આવેલ નથી.કચરો બધા બહાર ફેંકે છે.અમે ઘર માં બે કચરાપેટી રાખીએ છીએ,વિસ્તાર માં દુકાનો પાસે બે કચરાપેટી મૂકેલ છે નગરપાલિકા દ્વારા.<br>નગરસેવકો નો સહયોગ ઓછો છે,તેઓ દેખરેખ રાખે અને નાગરિકો સાથે સંકલન માં રહે તો ફરક પડે. |
| ૪ | સંસ્કારનગર | અમારા વિસ્તાર માં પ્રાઇવેટ અને નગરપાલિકા બે ડોર ટૂ ડોર ચાલે છે |

| | | |
|---|---|---|
| | | અમે બંને માં કચરો આપીએ એટલે બંને એકાંતરે આવે જયારે પ્રાઇવેટ ાવે તે દિવસે નગરપાલિકા ન આવે તેથી અમારે રોજ કચરા નો નિકાલ થાય છે.પ્રાઇવેટ ના માસિક ૩૦/-રૂ.આપીએ.બે કચરા અલગ લઇ જવામાં આવે છે.ભના કચરા માટે અલગ ડ્રમ છે,જે તે લઇ જઇ ગાયો ને ખવડાવે છે. ડૌર ટુ ડોર સવારે ૧૧-૧૧.૩૦ માં આવે છે.સફાઇ નિયમિત નથી.મોનીટરીગ થાય તો કામ થાય.અમે ફોન કરીએ તે સફાઇ વાળા મોકલે.વેરા ભરીએ છીએ.ડોર ટુ ડોર ન આવે તો કચરો સાચવીએ છીએ. |
| ૫ | જાદવજીનગર | ડોર ટુ ડોર નિયમિત છે.સફાઇ અનિયમિત છે.૩-૪ દિવસે આવે છે.વિસ્તાર માં મોટી પેટી છે તેમાં કચરો નાખે છે.ડોર ટુ ડોર ન આવે તે સમયે.બે પેટી રાખે છે.ભીનો કચરો ગાય ને આપે છે.સવારે ૮.૩૦ વાગે આવે છે કચરો લેવા.કયારેક સાંજે ૪ વાગે પણ આવે છે. |
| ૬ | ભાનુશાલીનગર | ડોર ટુ  ડોર આવે છે,લોકો અલગ કચરો નથી આપતા,કારણ કયારેક ટ્રેકટર આવે તેથી અલગ નથી કરતા.ભીનો કચરો ગાય ને આપે છે.સફાઇ ૧૦ દિવસે આવે છે.કચરાપેટી વિસ્તાર માં રાખેલ નથી અને જયાં છે તે દૂર પડે છ. |
| ૭ | વંડી ફળિયા | ડોર ટુ ડોર માં ફરક પડયો છે,બે દિવસે આવે છે.કચરો સૂકો આપીએ,ભીનો કચરો ગાય ને આપીએ અથવા કૂંડી માં નાંખીએ.વળી એપાર્ટમેટ વાળા ઉપર ી કચરો ફેંકે છે.કચરાપેટ માં નાખવા જતા નથી,વળી મોટી કચરાપેટી પણ ભરાય તો ખાલી નથી કરી જતા,ફોન કરીએ પછી ૨ દિવસે આવે.ઓપન પોઇંટ પણ થતા ગયા છે. |
| ૮ | સથવારાવાસ | અહી કચરાપેટી નથી લોકો બહાર ઢગલા કરે છે.વળી સફાઇ નિયમિત નથી,સથવારાવાસ માં માં કચરા ના ઢગ થયા છે.પેટી હતી તે લઇ ગયા છે,મૂકતા નથી,ઘરે ઘર લેવા આવતા નથી.એંઠ ગાયને ખવડાવે છે.લોકો પોતે વિસ્તાર માં સફાઇ કરે છે.ગંદકી દેખાય છે. |
| ૯ | ગાયત્રિ મંદિર | પ્રૌઇવેટ પણ આવે છે જેઓ ૪૦/-રૂ.લે છે અને અલગ અલગ કચરા |

| | | |
|---|---|---|
| | રોડ,બેંકર્સ,મંગલમ,જયુબેલી કોલોની | લઇ જાય છે.સફાઇ અનિયમિત છે.વાર તહેવારે આવે અને રૂપિયા માંગે,ચા માંગે,પણ આપણે આપીએ છીએ.અને સફાઇ ટીમ આવે તો થોડું વાળે પછી બેસી વાતો કરે,એમ ટાઇમ કાઢે.મોનીટરીંગ કડક રાખવાની જરૂર છે.વેરા નિયમિત ભરે છે,વિજયનગર માં પણ ડોર ટુ ડોર સેવા સારી છે.સફાઇ પણ કરે છે.મોટી કચરાપેટી રાખે છે પણ ભરાય પછી ખાલી કરવા નથી આવતા.તેથી લોકો રાખવા નથી દેતા.કચરો સાચવીરાખીએ ડોર ટુ ડોર માં જ આપીએ.અમુક ઘર પોતાના ગાર્ડન માં ખાતર બનાવે છે.જે ભીનો કચરો ,પાંદડા,વગેરે ને જમીન માં રાખી ખાતર બનવે છે અને ગાર્ડન માં વાપરે છે. |

# માંડવી(કચ્છ):

માંડવી નગરપાલિકા દ્વારા ચલાવવામાં આવતી કામગીરી બાબત શહેર ના નાગરિકો સાથે ખાસ બહેનો સાથે વાત કરી ,

અમારા વિસ્તાર માં મંડળ છે તેના પ્રમુખ સક્રીય છે,કાંઇ ફરીયાદ હોય તો નગરપાલિકા માં જઇ અરજી કરીએ એટલે કામ થઇ જાય.





વેરા ભરે છે.નગરસેવકો સક્રીય છે,પણ સંપર્ક કરે તો ફરક પડે.





માંડવી માં નાગરિકો સાથે વાત કરી તે અંદાજે ૧૫૦-૨૦૦ બહેને સાથે વાત કરી

| ક્રમ | વિસ્તાર | કરેલ ચર્ચા |
|---|---|---|
| ૧ | ગોકુલવાસ(મહેશ્વરી વાસ)વોર્ડ ૨. | ડોર ટુ ડોર નિયમિત છે પણ નાની ગલી માં ગાડી અંદર ન આવે એટલે અમે બહાર ગાડી આવે તે સમયે નાંખવા જઇએ.સફાઇ નિયમિત નથી,અહી હનુમાન મંદિર પાસે મોટી કચરાપેટી મકેલ છે ત્યાં કચરો ફેંકવા જઇએ.સૂકો કચરો ગાડી માં ભીનો ગાય ને આપીએ. |

| | | |
|---|---|---|
| ૨ | વોર્ડ ૮-૯ | કચરો લેવા ગાડી નિયમિત આવે છે.સવારે ૧૧.૩૦ વાગે આવે છે.સફાઇ પણ બે દિવસે આવે છે અમે કામ થી સંતોષ છે.વેરા ભરીએ છીએ.ઘર માં બે બીન રાખીએ સુકા અને ભીના માટે.બે કચરા લઇ જાય છે.લગભગ ભીનો કચરો ગાય ને આપીએ.વિસ્તાર માં કચરાપેટી છે ભરાય તો ફોન કરીએ એટલે ખાલી કરી લે છે. |
| ૩ | વોર્ડ ૧,૨,૬,૯ | ડોર ટૂ ડોર નિયમિત છે,સફાઇ વોર્ડ ૨ માં ૧૫ દિવસે થાય છે,બાકી વોર્ડ માં સફાઇ નિયમિત છે.ડોર ુ ડોર ન અઉવે તો કચરાપેટી માં નાંખીએ.સુપરવિઝન કરવામાં આવે તો કામગીરી સારી થાય.જાહેર સ્થળે કચરાપેટી મૂકેલ છે |
| ૪ | વોર્ડ ૩,૪ | ડોર ટુ ડોર નિયમિત કયારેક સવારે તો કયારેક બપોર પછી ઓ ખરા.સફાઇ રોજ થાય છે.વેરા ભરે છે,મોટી કચરાપેટી મૂકી છે,જે ભરાય એટલે ખાલી કરે છે.,દરેક ને બે પેટી ઘરે નગપાલિકા એ આપેલ છે.બે કચરા અલગ રાખીએ.જે વિસ્તાર માં ગાડી રોજ આવે તે વિસ્તાર માં કચરાપેટી રાખવા નથી દેતા. |
| ૫ | વોર્ડ ૧,૩,૪,૮ | ડોર ટુ ડોર એરીએ મુજબ બે વાર આવે,એટલે બે ટાઇમ માં આવે છે.સફાઇ ૮-૧૦ દિવસે આવે છે.કચરા અલગ અલગ રાખે છે.મોટી કચરાપેટી છે પણ દૂર મૂકી હોય નાંખવા જઇએ,અમુક જગા ે ઓપન પોંઇટ થયા છે,જે સફાઇ વાળા લઇ લે છે. |

# અંજાર :

અંજાર શહેર માં એન.યુ.એલ.એમ દ્વારા ચલાવાતા કલાસ ના અલગ અલગ વોર્ડ માંથ આવતા બહેનો સાથે ચર્ચા કરી :

રીસાઇકલેબલ કચરો ભંગારવાળા લઇ જાય છે.વેરા નિયમિત ભરે છે.બહેનો એ વાત કરી નગરસેવકો નિયમિત માસિક મિટિંગ વોર્ડ માં કરે તો સમસ્યા સુધારી શકાય.અને સફાઇ કામ પર દેખરેખ કરાય તો કામ માં અસર દેખાશે.

અંજાર માં નાગરિકો સાથે જે ચર્ચા કરી તે અંદાજે ૧૦૦-૧૨૦ બહેનો સાથે વાત કરી.



| ક્રમ | વિસ્તાર | કરેલ ચર્ચા |
|---|---|---|
| ૧ | વોર્ડ ૩,૯અને ૧૧ | ડોર ટુ ડોર કામગીરી નિયમિત છે.બે કચરાપેટી ઘર માં રાખે છે,અને કચરો પણ ગાડી વાળા અલગ અલગ લે છે.સવારે ૧૧ અને બપોરે ૪ વગે ડેર ટુ ડોર આવે છે.સફાઇ માં અનિયમિતતા છે.વોર્ડ ૧૧ ના ગાયત્રિ નગર નાબ હેને વાત કરી કે મહિને સફાઇ કરવા આવે છે.મોટી કચરાપેટી મૂકી ચે તેમાં નાંખવા જઇએ,ઘર માં ભીનો કચરો વધુ થાય.અમે ગાયો ને આપીએ, |
| ૨ | વોર્ડ ૩,૪,૫. | વોર્ડ ૩ માં નિયમિત સફાઇ થાય છે.વોર્ડ ૪ માં ૭-૮ દિવસે સફાઇ થાય છે.વોર્ડ મુજબ સફાઇ કામ માં કામદાર ના અભાવે અસર દેખાય છે.ડોર ટુ ડારે નિયમિત કયારે એકાંતરે આવે છે.ન અવે તે સમયે કચરાપેટી માં નાખવા જઇએ,વેરા ભરે છે.કચરાપેટી ભરાઇ જાય તો ખાલી કરવામાં આવે છે.બહેનો કહે કે નાગરિકો ની જવાબદારી- છે કે સફાઇ રાખે અને ડોર ટુ ડોર લેવા આવે તો કચરો તેમને આપે.બહાર ન ફેંકવો જોઇએ.સવારે ૮-૯ વાગે કચરો લેવા આવે બહેનો ને ટાઇમ વહેલા લાગે છે.અલગ અલગ વોર્ડ માં અલગ ટાઇમ છે.બધા જે ટાઇમ કહે તે ટાઇમે કોઇ ન આવે તે નાગરિકો એ સહકાર આપવો જરૂરી છે. |
| ૩ | એસ.ટી અને ગાર્ડન નજીક ખાણી પીણી વાળા | ડોર ટુ ડોર નિયમિત અમારી પાસે થી કચરો લઇ લે છે.અને સફાઇ પણ અમે આવીએ તે પહેલા થઇ જાય છે,રાતે કચરો અમે મોટી કચરાપેટી માં નાંખીએ તે ટ્રેકટર લઇ લે છે.ભીનો કચરો બહુ થતો નથી પણ અમુક અમે ગોવાળ ને આપીએ છીએ,અમે અમારા ઘરાક ને પણ કહીએ ડીશ કે બાઉલ કચરાપેટી માં જ નાંખો. |

# રાપર :

રાપર નગરપાલિકા દ્વારા ચલાવવામાં આવતી સફાઇ સુવિધા અંગે નગર ના સુખદધાર વિસ્તાર માં બહેનો સાથે વાત કરી જે મહેશ્વરી અને કોલી છે.

વેરા નિયમિત ભરે છે.અહીં દુકાન ધરાવતા પૂર્વ ઉપપ્રમુખ બળવંત ઠક્કર સાથે વાત કરતા તેમણે કહેલ કે નગરપાલિકા પાસે સફાઇ કામદાર ઓછા છે અને વેરા વસૂલાત પણ સારી નથી તો નગરપાલિકા દરેક વોર્ડ માં સફાઇ કરવા ધારે તો પણ નથી પહુંચી શકતી.





| ક્રમ | વિસ્તાર | કરેલ ચર્ચા |
|---|---|---|
| ૧ | સુખદધાર વિસ્તાર | ડોર ટુ ડોર એકાંતરે આવે છે,અમારી ગલી નાની છે એટલે ગાડી અંદર ન આવે અમે બહાર નાંકવા જઇએ,ડોર ટુ ડોર સમય નિયત નથી લગભગ બપોર પછી આવે આપણે ચોકકસ રહેવું પડે.સફાઇ અમે અમારા વિસ્તાર ની પોતે કરીએ,અહીં સફાઇ કામદાર આવતા જ નથી,વેરા ભરીએ છીએ,ડોર ટુ ડોર ન આવે તો કચરો રોડ પર ડીવાઇડર પાસે મોટી કચરાપેટી છે તેમાં નાંખવા જઇએ, |
| ૨ | એકતાનગર,સ્વામિનારાયણ નગર | ડોર ટુ ડોર નિયમિત દરરોજ આવે છે.બે કચરા અલગ રાખપે છે,ભીનો કચરો ગાય ને આપે છે.ભંગાર ભેગાર વાળા ને આપે છે.મોટી કચરાપેટી રાખેલ નથી,કારણ રોજ કચરો લઇ જાય છે.અમે અમારા વિસ્તાર ની સફાઇ પોતે પણ કરીએ છીએ,અમને ગત વર્ષે સ્વચ્છ વિસ્તાર નું ઇનામ પણ નગરપાલિકા દ્વારા મળેલ.વેરા નિયમિત ભરીએ છીએ. |
| ૩ | મહેતા કોમ્પ્લેક્ષ ના કાઠીયાવાડી ભોજનાલય અને દુકાના | ડોર ટુ ડોર સવારે ૯.૩૦ વાગે કચરો લઇ જાય છે.અને સફાઇ પણ કરવા આવે છે.ભોજનાલય માં ભીનો કચરો ગોવાળ ને આપે છે, |

# ભચાઉ:

ભચાઉ નગરપાલિકાદ્વારા સફાઇ કામગીરી બાબત શહેર ની એસ.ટી નજીક ની દુકાનો અને શોપીગ સેન્ટર માં વાત કરી તેમણે જણાવેલ કે અહીં ડોર ટુ ડોર નિયમિત આવે છે.સવારે ૯.૩૦ અને બપોરે ૪.વાગે કચરો લેવા આવે છે,વળી મેઇન રોડ હોવાથી અને નગરપાલિકા આ જ રોડ પર હોવાથી સફાઇ પણ રોજ કરવામાં આવે છે.વેરા ભરે છે.વળી અહીં થોડા અંતરે બે કચરાપેટી પણ મૂકેલ છે જેથી આવતા જતા લોકો પણ કચરો તેમાં નાંખી શકે જે બે દિવસે સાફ થાય છે.કામગીરી થી સંતોષ છે.વળી હાલ ના પ્રમુખ સક્રીય છે એટલે શહેર ના વિકાસ માં રસ લે છે.

# ગાંધીધામ :

ગાંધીધામ ના ભરચક એવા કોર્મશીયલ એરીયા બેંક સર્કલ ના શોપીગ સેન્ટર ની દુકાનો અને ખાણીપીણી સાથે ચર્ચા કરી તેઓ જણાવેલ કે ડોર ટુ ડોર સવારે ૯ અને બપોરે ૧૨.૩૦ અને સાંજે ૫ વાગે આવે અને કચરો લઇ જાય છે.કારણ કે આ મેઇન માર્કેટ એરીયા છે અને વળી મોટા ભાગ ની બેંકો અને ઓફીસો અહી છે એટલે અહી દરેક કચરાપેટી નો કચરો લઇ લે છે.સફાઇ પણ સવારે અને રાતે કરાય છે.અમુક અંતરે બે પ્રકાર ની કચરાપેટી પણ મૂકેલ છે.મોટી કચરો પેટી પણ અમુક મુકેલ જેથી રાતે લારી વાળા તેમનો કચરો તેમાં નાંખે અને સવારે ટ્રેકટર સફાઇ કામ કરવા આવે તે સમયે એ કચરો પણ લઇ જાય છે.આ વિસ્તાર માં અંદાજે ૧૫ જેટલા દુકાન વાળા અને લારી વાળા સાથે વાત કરી.તેઓ એ એમ જણાવ્યું કે નગરપાલિકા દ્વારા પ્રાઇવેટ કંપની ડી.ડબલ્યુ.સી સાથે કામ કરે છે એના વાહનો સાધનો સારા છે,તે કોમ્પેકટર લઇ ને આવે છે જેથી આખી માર્કેટ નો કચરો તેમજ મોટા કચરાપેટી માંથી કચરો લઇ લે છે.અને રોડ પર નો કચરો પણ લે છે.સેવા સારી છે.

ગાંધીધામ માં રહેણાંક વિસ્તાર સેકટર નંબર ૭ માં આવેલ ભૂમિ ટેનામેન્ટ ના રહીશો સાથે વાત કરતાં જણાયું કે ડોર ટુ ડોર કચરો લેવા વાહન નિયમિત આવે છે.સૂકો કચરો બધા આપે છે.ભીનો કચરો કૂંડી રાખેલ છે તેમાંનાંખે છે.કયારેક વાહન ન આવે તો કચરો નજીક માં મૂકેલ મોટી કચરા પેટી માં નાંખીએ.વેરા નિયમિત ભરે છે.સફાઇ કામ માં અનિયમિતતા છે.અમારે પ્રાઇવેટ સફાઇ વાળા છે તે કરે છે.બાકી નગરપાલિકા ના લોકો ૮-૧૦ દિવસે સફાઇ કરવા આવે,જરૂર હોય તો ફોન કરીએ તો આવી જાય છે.



| ક્રમ | વિસ્તાર | કરેલ ચર્ચા |
|---|---|---|
| ૧ | બેંક સર્કલ ના શોપીંગ સેન્ટર | ડોર ટુ ડોર સવારે ૯ અને બપોરે ૧૨.૩૦ અને સાંજે ૫ વાગે આવે અને કચરો લઇ જાય છે.કારણ કે આ મેઇન માર્કેટ એરીયા છે અને વળી મોટા ભાગ ની બેંકો અને ઓફીસો અહી છે એટલે અહી દરેક કચરાપેટી નો કચરો લઇ લે છે.સફાઇ પણ સવારે અને રાતે કરાય છે.અમુક અંતરે બે પ્રકાર ની કચરાપેટી પણ મૂકેલ છે.મોટી કચરો પેટી પણ અમુક મુકેલ જેથી રાતે લારી વાળા તેમનો કચરો તેમાં નાંખે અને સવારે ટ્રેકટર સફાઇ કામ કરવા આવે તે સમયે એ કચરો પણ લઇ જાય છે. |
| ૨ | સેકટર નંબર ૭ | ડોર ટુ ડોર કચરો લેવા વાહન નિયમિત આવે છે.સૂકો કચરો બધા આપે છે.ભીનો કચરો કૂંડી રાખેલ છે તેમાંનાંખે છે.કયારેક વાહન ન આવે તો કચરો નજીક માં મૂકેલ મોટી કચરા પેટી માં નાંખીએ.વેરા નિયમિત ભરે છે.સફાઇ કામ માં અનિયમિતતા છે.અમારે પ્રાઇવેટ સફાઇ વાળા છે તે કરે છે.બાકી નગરપાલિકા ના લોકો ૮-૧૦ દિવસે સફાઇ કરવા આવે,જરૂર હોય તો ફોન કરીએ તો આવી જાય છે. |
| ૩ | વોર્ડ નંબર ૭,૧૨ _બી | વિસ્તાર માં ડોર ટુ ડોર નિયમિત છે.બે કચરાપેટી અલગ રાખે છે,તેમજ વાહન માં પણ અલગ અલગ કચરો આપે છે.સફાઇ કામગીરી નિયમિત ,લગભગ આ વિસ્તાર માં સફાઇ રાજે અથવા એકાંતરે તો કરાય છે.વેરા નિયમિત ભરે છે.વિસ્તાર સ્વચ્છ વિસ્તાર ની કક્ષા માં આવે છે.લોકો સક્રીય છે. |

## આગામી દિશા સૂચન :

| ક્રમ | નગરપાલિકા | દિશા સૂચન |
|---|---|---|
| ૧ | ભુજ | નગરપાલિકા શહેર નો કચરો નાગોર કચરા સાઇટ પર નાંખે છે.જયાં વિભાગીકરણ નથી થતું,પણ હાલે અક્ષર સર્વિસ નામની કંપની ને માત્ર પ્લાસ્ટિક કચરો અલગ રાખવા માટે નિમેલ છે.ખાતર બનાવવા નું કામ નગરપાલિકા કરે છે.પણ ખાસ ફરક નથી.નગરપાલિકા ને નવી સાઇટ શેડાતા પાસે ફાળવવામાં આવી છે તે સ્થળે પ્રોસેસીગ વગેરે કરવામાં આવશે.હાલે કચરો સાંઘી સિમેંટ ને આપે છે. |
| ૨ | માંડવી | માંડવી શહેર ને પણ જી.યુ.ડી.સી દ્વારા કચરા માંથી ખાતર તૈયર કરવા અને કચરા વિભાગીકરણ કરવા શીતલા રોડ પાસે એક સાઇટ શેડ વાળી આપવામાં આવેલ છે પણ ખાતર બનાવવાનું કામ છે.એમ.આર.એફ સેન્ટર છે.કાંઇ પ્રોસેસ કરાતું નથી. |
| ૩ | અંજાર | અંજાર માં પણ જી.યુ.ડી.સી દ્વારા કચરા માંથી ખાતર તૈયર કરવા અને કચરા વિભાગીકરણ કરવા  એક સાઇટ શેડ વાળી આપવામાં આવેલ છે.પણ ખાતર બનાવવા નું ચાલુ કરેલ છે.એમ.આર.એફ સેન્ટર છે. |
| ૪ | રાપર | રાપર માં નંદાસર થી આગળ જી.યુ.ડી.સી દ્વારા શેડ વાળી સાઇટ છે પણ હાલ નગરપાલિકા નગાસર તળાવ પાછળ સાઇટ માં કચરો ઠાલવે છે અને ત્યાંથી ડમ્પર દ્વારા નંદાસર લઇ જાય છે.એ.આર.એફ સેન્ટર છે. |
| ૫ | ભચાઉ | ભચાઉ માં પણ જી.યુ.ડી.સી દ્વારા શેડ વાળી સાઇટ છે,અહી વર્મી ખાતર બનાવવા નું કામ થયેલ,હાલ પણ ખાતર બનાવે છે.આ સાઇટ ભચાઉ થી કી.મી.દૂર છે.નેશનલ હાઇવે નં ૮,મોરી વાળા હનુમાન પાસે છે.એમ.આર.એફ સેન્ટર છે. |
| ૬ | ગાંધીધામ | ગાંધીધામ નગરપાલિકા માં કચરા માટે સાઇટ શિણાય પાસે લીધી |

| | | |
|---|---|---|
| | | હતી,અને ત્યાં વિંડરોક થી ખાતર બનાવવા નું કામ શરૂ કરેલ,પણ હમણાં બે મહીના થી આ સાઇટ બંધ કરવી પડી છે,પંચાયત અને કંડલા એરપોર્ટ તરફ થી મનાઇ કરાઇ છે.હાલ નગરપાલિકા પાસે કચરા ઠાલવવા કોઇ નિયત સ્થળ નથી,શહેર માં ગોડાઊન રાખેલ છે તેમાં નાંખે છે.ભીનો કચરો લેતા નથી.સૂકો કચરો કબાડી વાળા ને અલગ કરી ને આપે છે.હાલ સાઇટ માટે કોર્ટ મેટર ચાલે છે.આ જ સ્થિતિ અંજાર માં પણ છે. |

- **દરેક નગરપાલિકાઓ ને સ્વચ્છ સર્વેક્ષણ હેઠળ ડમ્પ સાઇટ પર એમ.આર.એફ (મટીરીયલ રીકવરી ફેસેલીટી )સેન્ટર બનાવવું ફરજીયાત છે.જેમાં વેસ્ટ પિકર્સ કામ કરી કચરા નું વિભાગી કરણ કરી શકે.**

SWAMAN
ENVIRO SERVICES PVT. LTD.

અભારી છીએ:

ચીફ ઓફીસર શ્રી ઓ- કચ્છ ની દરેક નગરપાલિકાઓ.
પ્રમુખ શ્રી ઓ - કચ્છ ની દરેક નગરપાલિકાઓ.
સેનિટેશન ચેરમેન શ્રી - કચ્છ ની દરેક નગરપાલિકાઓ.
સેનિટેશન શાખા - કચ્છ ની દરેક નગરપાલિકાઓ.
સ્વચ્છ ભારત મિશન સેલ - કચ્છ ની દરેક નગરપાલિકાઓ.
એન.યુ.એલ.એમ શાખા - કચ્છ ની દરેક નગરપાલિકાઓ.
તમામ શહેરો ના નાગરિકો ના જેમણે સહયોગ આપેલ છે.

એચ.આઇ.સી સ્ટીયરીંગ કમિટિ -ભુજ.

અપેક્ષા છે કે આવનાર સમય માં પણ આપ સૌ અમોને સહયોગ આપતા રહેશો.

આભાર સહ,

## સ્વમાન ની સ્વચ્છ સર્વેક્ષણ માં પ્રવૃતિઃ










SWAMAN
ENVIRO SERVICES PVT. LTD.

મોબાઈલ નંબર : ૯૪૦૮૯૩૬૧૪

વેબસાઈટ : http:/swaman.co.in